For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

આધુનિક સુવિધાઓથી સજ્જ સ્ટેશન, વડોદરા જંક્શન પરનો ભાર થશે ઓછો

૧૪૬ વર્ષ જૂનું પ્રતાપનગર સ્ટેશન બન્યું વડોદરાનું નવું સેટેલાઈટ હબ

સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા પ્રવાસીઓ માટે બનશે મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા જંક્શનથી આશરે ૭ કિલોમીટરના અંતરે આવેલું અને વર્ષ ૧૮૮૦માં સ્થપાયેલું ૧૪૬ વર્ષ જૂનું પ્રતાપનગર રેલવે સ્ટેશન ગુજરાતના સમૃદ્ધ રેલવે વારસાનું અભિન્ન અંગ છે. ભૂતકાળમાં નેરોગેજ રેલવે નેટવર્કનું મુખ્ય કેન્દ્ર રહેલા આ સ્ટેશનને હવે વડોદરાના એક વ્યાપક સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. જેના કારણે વડોદરા જંક્શન પરની ગીચતામાં નોંધપાત્ર ઘટાડો થશે અને લાંબા અંતરની ટ્રેનોના પરિચાલનમાં સહયોગ મળશે. આ ઉપરાંત, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે આ સ્ટેશન એક મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર બની રહેશે, જેનાથી પ્રાદેશિક જોડાણ અને પ્રવાસન બંનેને વેગ મળશે.

મુસાફરોની સુવિધામાં અભિવૃદ્ધિ કરવાના હેતુથી પ્રતાપનગર સ્ટેશન પર અનેક અત્યાધુનિક સવલતો ઊભી કરવામાં આવી છે. વર્તમાન સ્ટેશન બિલ્ડિંગના ઐતિહાસિક વારસાને જાળવી રાખીને મુસાફરોની સુગમ અવરજવર માટે દ્વિતીય પ્રવેશદ્વાર તરફથી નવા બિલ્ડિંગનું નિર્માણ કરાયું છે. આ સાથે યાત્રીઓની સુગમતા માટે ૧૨ મીટર પહોળા નવા ફૂટ ઓવરબ્રિજ, ત્રણ લિફ્ટ અને બે રેમ્પની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્લેટફોર્મની સપાટીઓ વિકસાવવાની સાથે પ્રતીક્ષાલયો અને શૌચાલયોનું ઉચ્ચસ્તરીય અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. તમામ યાત્રીઓ માટે દિવ્યાંગજન-અનુકૂળ સુવિધાઓ, આધુનિક સંકેતકો અને વાહનોની સરળ અવરજવર માટે વિસ્તૃત સર્ક્યુલેટિંગ એરિયા અને પાર્કિંગની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

વિકાસની સાથે વિરાસતની ઝાંખી કરાવતા આ સ્ટેશન પરિસરમાં ગુજરાતની સમૃદ્ધ કલા અને સાંસ્કૃતિક વારસાને દર્શાવતા આકર્ષક કલાત્મક તત્વો અને ભીંતચિત્રો સામેલ કરવામાં આવ્યા છે. પરિણામે આ સ્ટેશનને એક જીવંત આર્ટ ગેલેરી જેવું આગવું સ્વરૂપ મળ્યું છે. આધુનિક યાત્રી-કેન્દ્રી સવલતો અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ મજબૂત પરિચાલન માળખા સાથેનું આ નવનિર્મિત પ્રતાપનગર રેલવે સ્ટેશન વડોદરાના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરવાની સાથે યાત્રીઓને વધુ સરળ અને આરામદાયક પ્રવાસનો અનુભવ પ્રદાન કરશે.

અમૃત ભારત યોજનામાં પ્રતાપનગર સહિત ગુજરાતના ૪ સ્ટેશનનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

ભારતીય રેલવેના આધુનિકીકરણને વધુ વેગ આપતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશના

75 પુનઃવિકસિત રેલવે સ્ટેશનો રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ અંતર્ગત ગુજરાતમાં રૂ.109 કરોડના ખર્ચે વિકસિત પ્રતાપનગર, ગોધરા, પોરબંદર અને ભક્તિનગર રેલવે સ્ટેશનોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રતાપનગર રેલવે સ્ટેશન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નવા સ્ટેશનની આધુનિક સુવિધાઓ અને જૂના સ્ટેશનના કાયાકલ્પને દર્શાવતા પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું. આ ચાર સ્ટેશનોના લોકાર્પણ સાથે ગુજરાતમાં અમૃત ભારત યોજના હેઠળ આધુનિક સુવિધાઓ ધરાવતા સ્ટેશનોની સંખ્યા વધીને 22 થઈ છે. રાજ્યમાં વધુ 87 રેલવે સ્ટેશનોનું પુનઃવિકાસ કાર્ય પ્રગતિ હેઠળ છે. કાર્યક્રમમાં રાજ્યમંત્રી ડો. મનીષા વકીલ, સાંસદ ડો. હેમાંગ જોષી, મેયર ગીતાબેન મકવાણા, વડોદરા મહાનગરપાલિકાના કમિશનર અરુણ મહેશ બાબુ, રેલવે અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ચાર હવામાન સિસ્ટમ સક્રિય, સપ્તાહમાં ભારે વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

ગુજરાતમાં એકસાથે ચાર હવામાન સિસ્ટમ સક્રિય થતાં ચોમાસાના બીજા તબક્કાએ જોર પકડ્યું છે. હવામાન વિભાગે આગામી એક સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં હળવાથી મધ્યમ તેમજ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. વડોદરામાં મહત્તમ તાપમાન 35.6 ડિગ્રી અને લઘુત્તમ 27.4 ડિગ્રી નોંધાયું, જ્યારે છેલ્લા 24 કલાકમાં માત્ર ટ્રેસ વરસાદ નોંધાયો હતો. સવારે હવામાં ભેજનું પ્રમાણ 81 ટકા અને સાંજે 58 ટકા રહ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોનસૂન ટ્રફના પ્રભાવથી વરસાદી ગતિવિધિઓમાં વધારો થવાની શક્યતા છે. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ 21થી 25 જુલાઈ દરમિયાન મધ્ય અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદનું જોર વધશે. કેટલાક વિસ્તારોમાં 2થી 4 ઇંચ સુધી વરસાદ પડવાની શક્યતા હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે.

એમજીવીસીએલ દ્વારા માત્ર સૂચના આપી જતા રહેતા રહીશો નારાજ

વેમાલીની ઓમ રેસિડેન્સીમાં ૩ દિવસમાં બીજી વખત વીજ ધડાકા, ઉપકરણો બળ્યા

જાનહાનિ થશે તો જવાબદાર કોણ?" સવાલ ઉઠાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરાના વેમાલી વિસ્તારમાં આવેલી ૐ રેસિડેન્સીમાં વીજળીના અચાનક ધડાકાને કારણે રહીશોના ઘરમાં રાખેલા ઉપકરણો બળી જવાની ઘટના ફરી બની છે. ગઈકાલે રાત્રે 2:30 વાગ્યે અચાનક થયેલા ધડાકાથી અનેક ઘરોના ટીવી, ફ્રીજ સહિતના ઉપકરણો બળીને ખાખ થયા હતા.

રહીશોના જણાવ્યા મુજબ આ 3 દિવસની અંદર આ બીજી ઘટના છે. પહેલી ઘટના બાદ પણ એમજીવીસીએલના કર્મચારીઓ સ્થળ પર આવ્યા હતા, પરંતુ માત્ર સલાહ-સૂચન આપીને જતા રહ્યા હતા. યોગ્ય રીતે તપાસ કરવામાં આવી હોત તો આ બીજી ઘટના ન બની હોત તેવો આક્ષેપ રહીશોએ કર્યો છે. ઘટનાને લઈને સોસાયટીના રહીશોમાં ભારે રોષ અને ભયનો માહોલ છે. અમે અમારા જ ઘરમાં સુરક્ષિત નથી. જો કોઈ જાનહાનિ કે માલહાનિ થશે તો તેની જવાબદારી કોણ લેશે? તેવા સવાલો રહીશો કરી રહ્યા છે. રહીશોએ વધુમાં આક્ષેપ કર્યો કે એમજીવીસીએલના અધિકારી ઝાલા સાહેબનો સ્વભાવ ગુસ્સાવાળો છે અને તેઓ અરજી પણ સ્વીકારતા નથી. કર્મચારીઓ પણ મીઠી ધમકી આપીને જતા રહે છે. હવે ગ્રાહક તરીકે કચેરીએ જવાનો કોઈ અર્થ નથી, તેથી આ બાબત બીજી રીતે ઉજાગર કરવી પડશે. રહીશોએ અરજી સ્વીકારાય તેવી માંગ કરી છે.

ગૃહકલેશથી કંટાળી આત્મહત્યાનો પ્રયાસ કર્યાની પ્રાથમિક આશંકા

મંજુસર નજીક કેનાલ પાસે યુવકે પોતાની જાત પર ફાયરિંગ કર્યું, હાલત ગંભીર

રિવોલ્વર કેનાલમાં ફેંકી દીધી હોવાની માહિતી, ગવાયેલા યુવક SSG હોસ્પિટલમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર નજીક લામડાપુરા કેનાલ પાસે 22 વર્ષીય યુવકે પોતાની જાત પર રિવોલ્વરથી ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કરતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG)માં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં ગૃહકલેશથી કંટાળીને યુવકે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

યુવકે લખેલી સ્યુસાઇડ નોટ પોલીસને મળી

મંજુસર ખાતે રહેતા 22 વર્ષીય રણજીત ચૌધરી છેલ્લા અઢી વર્ષથી પોતાના માતા-પિતા સાથે રહેતા હતા. દરમિયાન એક યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાતા બંનેએ પ્રેમલગ્ન કર્યા હતા. જોકે લગ્નજીવન દરમિયાન કોઈ કારણોસર પતિ-પત્ની વચ્ચે મનદુઃખ થતાં પત્ની છેલ્લા બે મહિનાથી પોતાના માતા-પિતાના ઘરે રહેતી હતી. પત્નીના વિરહ અને માનસિક તણાવને કારણે રણજીત ભારે નિરાશામાં આવી ગયો હતો. તેણે પત્નીને સંબોધીને શાયરીના સ્વરૂપમાં એક સ્યુસાઇડ નોટ લખી હતી. ઘટના બાદ પોલીસે તેની પાસેથી સુસાઇડ નોટ કબજે કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ મૂળ ઉત્તર પ્રદેશનો અને હાલ મંજુસરમાં રહેતો રણજીત ચૌધરી લામડાપુરા કેનાલ પાસે પહોંચ્યો હતો, જ્યાં તેણે પોતાની પાસે રહેલી રિવોલ્વરથી પોતાની જાત પર ફાયરિંગ કર્યું હતું. ઘટનાના બાદ તેણે રિવોલ્વર કેનાલમાં ફેંકી દીધી હોવાનું પણ જાણવા મળ્યું છે. થોડા સમય બાદ તે રસ્તા પર ગંભીર હાલતમાં લોહીલુહાણ અવસ્થામાં મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ મંજુસર પોલીસ, ઉચ્ચ અધિકારીઓ, લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB), સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) તેમજ એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને કેનાલમાં રિવોલ્વર શોધવાની કામગીરી હાથ ધરી છે, જ્યારે એફએસએલની ટીમે સ્થળ પરથી જરૂરી પુરાવા એકત્રિત કર્યા છે.

પોલીસે આત્મહત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. રિવોલ્વર ક્યાંથી મેળવવામાં આવી, તેના માટે કાયદેસર પરવાનો હતો કે નહીં અને ઘટનાનું ચોક્કસ કારણ શું હતું તે સહિતના તમામ મુદ્દાઓની દિશામાં વધુ તપાસ ચાલી રહી છે.

પ્લાસ્ટિકના બોક્સની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે પરથી ૧૮.૧૭ લાખનો બિયરનો જથ્થો ઝડપાયો

કરજણ નજીક નેશનલ એક્સપ્રેસ પરથી આઇશર ટેમ્પો ઝડપી પાડ્યો

બિયર અને ટેમ્પો સહિત કુલ રૂ.૨૮.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત, યુપીના ડ્રાઇવરની ધરપકડ

(પ્રતિનિધિ) કરજણ તા.17

મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસવે પરથી પ્લાસ્ટિકની બોટલો, ગ્લાસ અને ડબ્બા ભરેલા બોક્સની આડમાં છુપાવીને લઈ જવાતો રૂ.18.17 લાખનો બિયરનો જથ્થો વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી) એ ઝડપી પાડ્યો છે. કરજણ પોલીસ મથક વિસ્તારમાં કરાયેલી કાર્યવાહી દરમિયાન આઈશર ટેમ્પામાંથી 7,584 બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ, વાહન અને અન્ય સામાન સહિત કુલ રૂ.28.53 લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે દારૂ સપ્લાય કરનાર સહિત અન્ય સંડોવાયેલા શખ્સોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા જિલ્લામાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર વિદેશી દારૂની હેરાફેરીના બનાવો અગાઉ પણ સામે આવ્યા છે. ગ્રામ્ય એલસીબીના પીઆઈ પી.જે. ખરસાણના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.કે. ભૂત અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે મહારાષ્ટ્ર પાસિંગનો આઈશર ટેમ્પો ભરૂચ તરફથી દારૂનો જથ્થો લઈને વડોદરા તરફ આવી રહ્યો છે. પોલીસે હાઈવે પર વોચ ગોઠવી ટેમ્પોને રોકી તપાસ કરતાં પ્લાસ્ટિકના સામાન ભરેલા ખાખી બોક્સની નીચે દારૂની પેટીઓ છુપાવેલી મળી આવી હતી. તપાસમાં રૂ.18.17 લાખના 7,584 બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ.10 લાખનો આઈશર ટેમ્પો, મોબાઈલ, જીપીએસ ટ્રેકર તથા અન્ય સામાન સહિત કુલ રૂ.28.53 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ટેમ્પાના ચાલક ઉત્તરપ્રદેશના જૌનપુર જિલ્લાના અર્જુન રામજીત બિંદની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં તેણે દમણના શકીલ મોહમ્મદે દારૂ ભરાવી આપ્યો હતો અને વડોદરા નજીક ગોલ્ડન ચોકડી બાદ એરફોર્સ બ્રિજ પાસે પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું. આ જથ્થો વડોદરાના કોઈ બુટલેગર માટે મંગાવવામાં આવ્યો હોવાની દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

ચક્કર આવતા વૃદ્ધા પટકાયા સારવાર દરમિયાન મોત

દંતેશ્વર વુડા હાઉસિંગમાં કરુણ ઘટના, પરિવારમાં શોકની લાગણી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડા હાઉસિંગ બોર્ડમાં રહેતા એક વૃદ્ધાનું ચક્કર આવતાં ઘરે પટકાઈ જવાથી ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ દંતેશ્વર વુડા હાઉસિંગમાં રહેતા 60 વર્ષીય મીનાબેન ખારવા પોતાના નિવાસસ્થાને હતા. તે દરમિયાન અચાનક તેમને ચક્કર આવતા સંતુલન ગુમાવી દીધું હતું અને તેઓ જમીન પર ફસડાઈ પડ્યા હતા. પડવાના કારણે તેમના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બનતાં જ પરિવારજનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક તબીબી મદદ માટે 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

ઘટનાસ્થળે પહોંચેલી 108 એમ્બ્યુલન્સની ટીમે પ્રાથમિક સારવાર આપી મીનાબેનને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલમાં તબીબોએ તેમને તાત્કાલિક સારવાર હેઠળ લીધા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે તેમની સ્થિતિ સતત નાજુક બની રહી હતી. સારવાર દરમિયાન અંતે તેમનું મોત નીપજ્યું હોવાનું હોસ્પિટલ સૂત્રોએ જણાવ્યું હતું.

અચાનક બનેલી આ દુર્ઘટનાએ પરિવારજનોને આઘાતમાં મૂકી દીધા છે. થોડા સમય પહેલાં સુધી સ્વસ્થ દેખાતા મીનાબેનના અચાનક અવસાનથી પરિવાર અને આસપાસના વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. ઘટનાની જાણ થતાં સગા-સંબંધીઓ અને પડોશીઓએ પરિવારને સાંત્વના પાઠવી હતી. વૃદ્ધાના નિધનથી પરિવારજનોમાં દુઃખની લાગણી વ્યાપી ગઈ છે.

કોર્પોરેશનના એન્જિનિયરોનું અજીબોગરીબ પરાક્રમ

રોકડાનાથ સોસાયટી પાસે ટ્રાન્સફોર્મરોની વચ્ચે જ ફૂટપાથ થોપી દેવાયો..!

રાહદારીઓ માટે નહીં, શોભા માટે બનાવાયો હોય એવો ફૂટપાથ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

સ્માર્ટ સિટી વડોદરામાં ફરી એકવાર પાલિકાના આયોજન સામે પ્રશ્નો ઊભા થયા છે. શહેરના પોશ ગણાતા રેસકોર્સ વિસ્તારમાં રોકડાનાથ સોસાયટી પાસે વન-વે રસ્તા પર તાજેતરમાં બનાવાયેલા ફૂટપાથની વચ્ચે જ મોટા વીજ ટ્રાન્સફોર્મરો હોવાથી રાહદારીઓને તેનો ઉપયોગ કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ફૂટપાથની મધ્યમાં ટ્રાન્સફોર્મરો ઉભા હોવાથી લોકો માટે ચાલવાનો માર્ગ અવરોધિત થઈ ગયો છે. સ્થાનિકોમાં આ આયોજનને લઈને ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનો સવાલ છે કે જો ફૂટપાથ પર જ ટ્રાન્સફોર્મર હોય તો રાહદારીઓ ચાલશે ક્યાંથી?

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ રસ્તાની સામેની બાજુએ પૂરતી ખુલ્લી જગ્યા ઉપલબ્ધ હતી, જ્યાં સુવિધાજનક ફૂટપાથ બનાવી શકાય તેમ હતો. તેમ છતાં પાલિકાએ ટ્રાન્સફોર્મર આવેલી બાજુ જ ફૂટપાથ બનાવવાનો નિર્ણય લીધો. નવી કોર્ટથી ગોત્રી રોડ તરફ જતાં ખુલ્લા પટ્ટામાં ફૂટપાથ બન્યો હોત તો ચોમાસા અને રાત્રિના સમયે

રાહદારીઓને મોટી રાહત મળી હોત. આ કામગીરી પૂર્વ આયોજન વગર માત્ર બજેટ ખર્ચવા માટે કરવામાં આવી હોય તેવી ચર્ચા લોકોમાં છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મ્યુનિસિપલ કમિશનર પ્રજાના નાણાંના સદઉપયોગની વાતો કરે છે, પરંતુ આવી કામગીરીથી વિપરીત ચિત્ર સામે આવ્યું છે. શહેરીજનોએ જવાબદાર અધિકારીઓને ફિલ્ડ પર જઈ વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરી લોકઉપયોગી અને વ્યવહારુ આયોજન કરવા માંગ કરી છે.

અડગ નિર્ધાર, બાબા બરફાનીના દર્શન માટે ફતેપુરાના કાંતિભાઈ યુવાનો માટે બન્યા પ્રેરણાસ્ત્રોત

65 વર્ષની ઉંમરે સાયકલ પર ૧૬૦૦ કિમીની અમરનાથ યાત્રા

માર્ગમાં ઊંચા પહાડી રસ્તાઓ, બદલાતું હવામાન, ભારે વરસાદ, ઠંડી જેવા અનેક પડકારોનો સામનો કરવો પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

સામાન્ય રીતે 65 વર્ષની ઉંમર જીવનમાં આરામ, પરિવાર સાથે સમય વિતાવવાનો અને નિવૃત્તિનો સમય માનવામાં આવે છે. પરંતુ ફતેપુરાના રહેવાસી કાંતિભાઈ રત્નાભાઈ પ્રજાપતિએ આ માન્યતાને ખોટી ઠેરવી અનોખું સાહસ હાથ ધર્યું છે. બાબા બરફાની પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને અડગ મનોબળના બળે તેમણે સાયકલ પર અમરનાથ યાત્રાનો પ્રારંભ કરીને સમગ્ર વિસ્તારમાં પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ફતેપુરાથી અમરનાથ ધામ સુધીનું અંદાજે 1600 કિલોમીટરનું લાંબું અને કઠિન અંતર કાપવા માટે કાંતિભાઈએ સાયકલની પસંદગી કરી છે. આ યાત્રા માત્ર અંતરની નહીં, પરંતુ શારીરિક ક્ષમતા, માનસિક મજબૂતી અને અડગ સંકલ્પની પણ મોટી કસોટી માનવામાં આવે છે. માર્ગમાં ઊંચા પહાડી રસ્તાઓ, બદલાતું હવામાન, ભારે વરસાદ, ઠંડી અને લાંબી મુસાફરી જેવા અનેક પડકારોનો સામનો કરવો પડશે. તેમ છતાં બાબા અમરનાથના દર્શન કરવાની શ્રદ્ધા અને વિશ્વાસ તેમને સતત આગળ વધવા માટે પ્રેરણા આપી રહ્યા છે.

કાંતિભાઈની યાત્રાનો પ્રારંભ ફતેપુરાથી થયો ત્યારે ગામમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક રહીશો, સમાજના અગ્રણીઓ, મિત્રો અને પરિવારજનોએ પુષ્પહાર પહેરાવી તેમનું ઉષ્માભેર સ્વાગત કરી શુભેચ્છાઓ સાથે વિદાય આપી હતી. અનેક લોકોએ તેમની સફળ યાત્રા માટે પ્રાર્થના કરી હતી. ગામના લોકો માટે આ ક્ષણ ગૌરવની બની હતી અને કાંતિભાઈના સાહસની ચર્ચા સમગ્ર પંથકમાં શરૂ થઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ કાંતિભાઈ ધાર્મિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહે છે અને અગાઉ પણ વિવિધ યાત્રાઓ કરી ચૂક્યા છે. જોકે સાયકલ પર અમરનાથ જેવી દુર્ગમ યાત્રા કરવી તેમના જીવનનું સૌથી મોટું સાહસ માનવામાં આવી રહ્યું છે. તેમની આ પહેલે માત્ર વડીલો જ નહીં, પરંતુ યુવાનોને પણ સ્વાસ્થ્ય, સાહસ અને આધ્યાત્મિકતા તરફ પ્રેરિત કર્યા છે.

કાંતિભાઈ રત્નાભાઈ પ્રજાપતિની આ યાત્રા એ સંદેશ આપે છે કે મજબૂત ઈચ્છાશક્તિ, આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પ હોય તો ઉંમર ક્યારેય અવરોધ બનતી નથી. તેમની આ અનોખી પહેલ આજે સમગ્ર વિસ્તારમાં આસ્થા, સાહસ અને પ્રેરણાનું જીવંત પ્રતિક બની છે.

જંતુમુક્ત વિભાગમાં જ ગંદકી અને ભેજનું સામ્રાજ્ય

સયાજી હોસ્પિટલના સ્ટરાઈલ વિભાગની જર્જરિત હાલત : છતમાંથી ટપકે છે પાણી

ફરિયાદો છતાં કાર્યવાહી નહીં, તંત્ર સામે ઉદાસીનતાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર પોતાની સુવિધાઓને બદલે જર્જરિત માળખાને લઈને ચર્ચામાં આવી છે. હોસ્પિટલના ઓપરેશન થિયેટરની નીચે આવેલા અત્યંત સંવેદનશીલ સ્ટરાઈલ વિભાગની હાલત ચિંતાજનક બની છે. જ્યાં સંપૂર્ણ જંતુમુક્ત વાતાવરણ હોવું જરૂરી છે, ત્યાં છતમાંથી સતત પાણી ટપકતું હોવાનું સામે આવ્યું છે. અનેક સ્થળે પ્લાસ્ટર ખસી ગયું છે અને લોખંડના સળિયા ખુલ્લા દેખાઈ રહ્યા છે, જેના કારણે અકસ્માતનો ભય પણ ઊભો



થયો છે. ભેજના કારણે બારીઓ અને દરવાજા કાટગ્રસ્ત થઈ ગયા છે. સ્ટરાઈલ સાધનો રાખવામાં આવતા વિભાગમાં આવી સ્થિતિ દર્દીઓની સુરક્ષા અને ચેપ નિયંત્રણ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ વિભાગની ખરાબ હાલત અંગે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હોસ્પિટલ તંત્ર અને સંબંધિત PIU વિભાગ તરફથી અસરકારક કાર્યવાહી થઈ નથી. પરિણામે જર્જરિત સ્થિતિ યથાવત રહેતા દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફમાં ચિંતા વ્યાપી છે. આરોગ્ય ક્ષેત્રમાં સ્ટરાઈલ વિભાગનું મહત્વ અત્યંત હોવાથી તેની યોગ્ય જાળવણી જરૂરી માનવામાં આવે છે. છતાં લાંબા સમયથી મરામત ન થતાં વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. હવે દર્દીઓ અને શહેરીજનો માંગ કરી રહ્યા છે કે રાજ્ય સરકાર અને ઉચ્ચ અધિકારીઓ આ મામલે તાત્કાલિક ધ્યાન આપી જરૂરી મરામત કરાવે, જેથી હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ મળી રહે તેમજ ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ટાળી શકાય.